# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : deo-bav@gujrat.gov.in, deobhavnagar@gmail.com

શ્રી એ. બી. પ્રજાપતિ
જિલ્લા શિક્ષણાધિકારી

ક્રમાંક: યોજના/દિવાળી/૨૦૧૮/

તા.૦૬/૧૧/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ

જિ.ભાવનગર

વિષય :તહેવારો દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવા સંબંધમાં નામ.સુપ્રીમ કોર્ટનાં રીટ પીટિશન(સીવીલ) નં.૭૨૮/૨૦૧૫માં તા.૨૩/૧૦/૨૦૧૮, તા.૩૦/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮નાં હૂકમથી આપેલ સૂચના-માર્ગદર્શિકાઓ સૂચના મુજબે અમલવારી થવા બાબત

સંદર્ભ : કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી પત્રાંક નં.ડી.એમ.-૧/દિવાળી/ફટાકડા/ પરિપત્ર/૨૦૧૮, તા.૦૩/૧૧/૨૦૧૮

જય ભારત સાથે ઉપરોક્ત વિષય સંદર્ભેમાં જણાવેલ પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલેલ છે. જે પરીપત્રની વિગતે તહેવારો દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવા સંબંધમાં નામ.સુપ્રીમ કોર્ટનાં હૂકમ મુજબે ચુસ્તપણે પાલન થાય તે અંગેની અમલવારી કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>

શિક્ષણ નિરિક્ષકશ્રીઓ/મ.શિ.નિ.શ્રીઓ

એસ.વી.એસ. તમામ

સદર કચેરી

Scanned by CamScanner

સત્યમેવ જયતે

## કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી

ડી.એમ. શાખા, જિલ્લા સેવા સદન-૧, પહેલો માળ,
મોતીબાગ, ભાવનગર:૩૬૪૦૦૧
ફોન : ૦૨૭૮-૨૪૨૬૪૮૭, ફેક્સ: ૨૪૨૭૯૪૧
ઇ-મેઇલ:-collector-bav@gujarat.gov.in

નં.ડી.એમ.-૧/દિવાળી/ફટાકડા/પરિપત્ર/૨૦૧૮ તા. ૩/૧૧/૨૦૧૮

પ્રતિ.
(૧) કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલીકા, ભાવનગર.
(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગર.
(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર.
(૪) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર.
(૫) નાયબ માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, ભાવનગર.
(૬) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, શિહોર, પાલીતાણા, વલ્લભીપુર, ગારીયાધાર, તળાજા, મહુવા.

વિષય :- તહેવારો દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવા સંબંધમાં નામ.સુપ્રીમ કોર્ટનાં રીટ પીટીશન (સીવીલ) નં.૭૨૮/૨૦૧૫માં તા.૨૩/૧૦/૨૦૧૮, તા.૩૦/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮ નાં હુકમ થી આપેલ સૂચના-માર્ગદર્શિકાઓ સૂચના મુજબે અમલવારી થવા બાબત.

સંદર્ભ :- સરકારશ્રીના ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં પરિપત્ર નં.વિ.૨/ઇએસએ/૧૩/૨૦૧૫/ જીઓઆઇ-૧૧૨, તા.૦૩/૧૧/૨૦૧૮.

ઉપરોકત વિષયેનાં સંદર્ભમાં જણાવેલ પરિપત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલેલ છે. જે પરિપત્રની વિગતે, તહેવારો દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવા સંબંધમાં નામ.સુપ્રીમ કોર્ટનાં હુકમ મુજબે ચુસ્તપણે પાલન થાય તે અંગેની અમલવારી કરવા/કરાવવા વિનંતી છે.

(ઉમેશ વ્યાસ)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ભાવનગર

બિડાણ-: ઉપર મુજબ.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
આવક નં. ૨૫૯૩
તારીખ: ૬|૧૧|
શાખા: ...

નકલ રવાના:-
ઉપ સચિવ(કા.વ્ય.૧),
ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ....જાણ સારૂ.



E:\D M Gen File\DIWALI-2018\DIWALI_gen letter_2018.doc

Scanned by CamScanner

તહેવારો દરમિયાન જાહેરમાં
ફટાકડા ફોડવા સંબંધમાં
નામદાર સુપ્રિમ કોર્ટના
હુકમ બાબત.

ગુજરાત સરકાર

ગૃહવિભાગ

ક્રમાંક :વિ.૨/ઈએસએ/૧૩/૨૦૧૫/જીઓઆઈ-૧૧૨

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૩/૧૧/૨૦૧૮

પરિપત્ર :

તહેવારો દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવાથી પર્યાવરણ તથા જાહેર આરોગ્યને થતી અસર સંબંધમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં રીટ પીટીશન (સીવીલ) નં.૭૨૮/૨૦૧૫ દાખલ થયેલ છે. ફટાકડા ફોડવા સંબંધમાં તા.૨૩/૧૦/૨૦૧૮, તા.૩૦/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮નાં હુકમથી કેટલીક સ્પષ્ટ સૂચનાઓ તથા માર્ગદર્શિકાઓ નામદાર કોર્ટે આપેલ છે. સુપ્રિમ કોર્ટનાં સદર હુકમોની નકલ (ઈ-મેઈલ દ્વારા) આ સાથે સામેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટનાં વિગતવાર હુકમો સુપ્રિમ કોર્ટની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ છે. આ હુકમોનું પાલન થાય તે અત્યંત જરૂરી છે. જે માટે નીચે મુજબની કાર્યવાહી સત્વરે કરવા આથી તમામ સંબંધિતોને જણાવવામાં આવે છે :

(૧) નામદાર સુપ્રિમ કોર્ટનાં હુકમ અનુસાર નિયત સમય મર્યાદા દરમિયાન જ જાહેરમાં ફટાકડા ફોડી શકાશે. તે બાબતને આવરી લેતાં સી.આર.પી.સી.-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ હેઠળ જાહેરનામા પોલીસ કમિશ્નર / જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ બહાર પાડવાનાં રહેશે.

(૨) નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન અનુસારની બાબતો સામાન્ય પ્રજા સુધી પહોંચે તે માટે રાજયનાં માહિતી વિભાગ દ્વારા પ્રચાર અને પ્રસાર માધ્યમોથી બહોળી પ્રસિધ્ધિ આપવાની રહેશે. જેમાં રેડીયો, ટીવી, ફિલ્મ , સિનેમાગૃહો અને જાહેરાતોનો માહિતી વિભાગ દ્વારા પૂરતો ઉપયોગ કરવામાં આવશે.

(૩) સ્થાનિક કક્ષાએ સિનેમાગૃહો, લોકલ કેબલ ઓપરેટર દ્વારા આ પ્રકારની જાહેરાતો અચૂક પણે દર્શાવવામાં આવે તે માટે તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને ખાસ સૂચનાઓ બહાર પાડવા આથી જણાવવામાં આવે છે.

(૪) ફટાકડાથી થતાં પ્રદૂષણ અંગે બાળકોમાં જાગૃતિ કેળવાય તે માટે સ્થાનિક કક્ષાએ શાળાઓમાં જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મારફત ખાસ કાર્યક્રમો આયોજીત કરવાના રહેશે.

જી.૨જ૭૨

3/11/2018

Scanned by CamScanner

(૫) નામદાર સુપ્રિમ કોર્ટનાં હુકમના મૂળભૂત હેતુ ફટાકડાથી પ્રદુષણ અને જાહેર આરોગ્યને થતી હાનિ રોકવાનો છે. આ બાબતને લક્ષમાં લઈ મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ દ્વારા લોકોમાં જાગૃતતા કેળવાય તથા નામદાર સુપ્રિમ કોર્ટનાં હુકમનો ખરા અર્થમાં અમલ થાય તે માટેની કાર્યવાહી કરવાની રહેશે. અને તે મુજબ હોર્ડીંગ, બીલબોર્ડ, ઈલેક્ટ્રોનિક/ડિજીટલ બોર્ડ વગેરે મારફત પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.

સુપ્રિમ કોર્ટનાં આદેશનું ચુસ્તપણે પાલન થાય તેની ખાસ કાળજી રાખવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ દવે)
ઉપ સચિવ(કા.વ્ય.૧)
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નામદાર સુપ્રિમ કોર્ટનાં હુકમના અમલ અંગે તમામ મહાનગરપાલિકા/નગરપાલિકાને જરૂરી સૂચના આપવાની વિનંતી સાથે.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) માહિતી કમિશ્નરશ્રી, માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૪) સર્વે પોલીસ કમિશ્નરશ્રી,

(૫) સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,

(૬) સર્વે પોલીસ અધિક્ષકશ્રી,

(૭) તમામ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી (સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટ મારફત)

**નકલ રવાના જાણ સારૂ:**

- માનનીય મુખ્યમંત્રીશ્રીનાં મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રા.ક.મંત્રીશ્રી(ગૃહ)નાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner